ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧.
E-mail : info@kskvkachchhuniversity.org

ફોન નં.(૦૨૮૩૨) ૨૩૫૦૦૨ ફેક્સઃ ૨૩૫૦૧૨
Web : kskvkachchhuniversity.org

રેફ.નં.: ક.યુ./ A.C.-Minuits-11th Feb /૨૦૧૦/૪૪૪૮ થી ૪૪૭૯

તા. ૧૯/૦૨/'૧૦

પ્રતિ,
ડૉ. કે. એમ. ત્રિવેદી.
એચ.ઓ.ડી., ડીપાર્ટમેન્ટ ઓફ સંસ્કૃત,
કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ.
મો.૯૪૨૭૪ ૦૭૪૫૧

**વિષય :**– તા.૧૧/૦૨/'૧૦નાં રોજ યુનિવર્સિટી કાર્યાલયે યોજાયેલ એકેડેમિક-કાઉન્સિલની મિટિંગની મિનિટ્સ નોંધ મોકલવા બાબત...

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૧૧/૦૨/'૧૦નાં રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલ મિટિંગની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખેલ મોકલવામાં આવે છે જેમાં થયેલ ઠરાવ અન્વયેની કાર્યવાહીની નોંધ લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

**કુલસચિવ**

**બિડાણ :** ઉપર મુજબ.
**નકલ રવાના:** ૧. માનનીય કુલપતિશ્રીનાં કાર્યાલય તરફ.
૨. પરીક્ષા નિયામકશ્રી,પરીક્ષા વિભાગ, કચ્છ યુનિવર્સિટી.
૩. હિસાબી અધિકારીશ્રી, હિસાબી વિભાગ, કચ્છ યુનિવર્સિટી,ભુજ.
૪. ગ્રંથપાલશ્રી,ગ્રંથાલય, કચ્છ યુનિવર્સિટી,ભુજ.
૫. વિદ્યાર્થી વિભાગ, કચ્છ યુનિવર્સિટી,ભુજ.

## એકેડેમિક કાઉન્સિલનાં સભ્યશ્રીઓની યુનિવર્સિટી કાર્યાલયે તા.૧૧/૦૨/'૧૦નાં રોજ સવારે ૧૧ : ૩૦ કલાકે મળેલ સભાની મિનિટ્સ નોધઃ

આજ તા.૧૧/૦૨/'૧૦નાં રોજ સવારે ૧૧:૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે એકેડેમિક કાઉન્સિલની બેઠક માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

**અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓને આવકારી સભાની શરૂઆત કરવામાં આવી.**

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજર / ગેરહાજર |
|---|---|---|
| ૧ | ડૉ. શશીરંજન યાદવ. | હાજર |
| ૨ | ડૉ. દર્શનાબેન ધોળકિયા. | હાજર |
| ૩ | ડૉ. શ્રીધર રાજેશ્વરન. | ગેર હાજર |
| ૪ | ડૉ. બી. એસ. પટેલ. | હાજર |
| ૫ | ડૉ. ટી.આર. હાથી. | હાજર |
| ૬ | ડૉ. કે. એમ. ત્રિવેદી. | હાજર |
| ૭ | ડૉ. જી. એ. બક્ષી. | હાજર |
| ૮ | ડૉ. એમ. જી. ઠકકર. | હાજર |
| ૯ | ડૉ. પી. એસ. હિરાણી. | હાજર |
| ૧૦ | શ્રીમતી એસ.કે. પંડિત. | હાજર |
| ૧૧ | શ્રી એચ. ટી.ખીયાણી. | ગેર હાજર |
| ૧૨ | શ્રી પી.ડી. ઉદેશી. | હાજર |
| ૧૩ | ડૅા. જે.એચ. દક્ષિણી. | ગેરહાજર |
| ૧૪ | ડૅા. એસ.જી.ધર્માણી. | હાજર |
| ૧૫ | ડૅા. ડી.કે.પૈજા. | ગેરહાજર |
| ૧૬ | શ્રી પી. સી.શાહ. | હાજર |
| ૧૭ | શ્રી આર.એસ.લુહાણા. | હાજર |
| ૧૮ | શ્રી કે.એસ.વોરા. | હાજર |
| ૧૯ | શ્રી એમ.એસ.રાઠોડ. | હાજર |
| ૨૦ | શ્રી ટી.જે. મટાણી. | હાજર |
| ૨૧ | શ્રી જે.એમ.પટેલ. | હાજર |
| ૨૨ | શ્રી એસ.જે. મહેશ્વરી. | ગેરહાજર |
| ૨૩ | શ્રી કે. કે.બુધ્ધભટ્ટી. | હાજર |
| ૨૪ | શ્રી પી.એમ.ભટ્ટ. | ગેરહાજર |
| ૨૫ | ડૅા. એલ. વી.ફફલ. | હાજર |
| ૨૬ | શ્રી કે.એમ.પંડયા. | હાજર |
| ૨૭ | શ્રી એ.એચ.ગોર. | હાજર |

Krantiguru Shyamji Krishna Verma Kachchh University BHUJ-Kachchh 370001

૧. ગત મિનિટ્સનું વાંચન અને બહાલી :

<u>ઠરાવ : ૧ :</u> ગત મિનિટ્સનું વાંચન કરવામાં આવેલ અને સર્વાનુમતે મિનિટ્સ નોંધને બહાલી આપવામાં આવેલ.

૨. યુનિવર્સિટી સંલગ્ન કોલેજો તથા અનુસ્નાતક ભવનોમાં ચાલતા અભ્યાસક્રમો અન્વયે આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૦-૧૧થી સેમેસ્ટર પધ્ધતિ તથા Choices Based Credit System (CBCS)નાં અમલી કરણ બાબત :

યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન,નવી દિલ્હીની ગાઈડ લાઈનનાં અનુસંધાને,રાજ્ય સરકારશ્રી દ્વારા દરેક યુનિવર્સિટી સંલગ્ન કોલેજો તથા અનુસ્નાતક ભવનોમાં ચાલતા દરેક વિદ્યાશાખાનાં અભ્યાસક્રમોમાં સેમેસ્ટર પધ્ધતિ તથા Choices Based Credit System (CBCS)ના અમલીકરણ બાબતે માનનીય કુલપતિશ્રી ડૉ. યાદવ સાહેબે માહિતિ આપતા વિસ્તૃત ચર્ચા કરી હતી જે અન્વયે સભ્યશ્રી ડૉ. ટી.આર.હાથી અને ડૉ.એસ.જી.ધર્માણીએ પણ CBCS પધ્ધતિની સવિસ્તાર ચર્ચા કરી હતી.સેમેસ્ટર પધ્ધતિ અમલમાં લાવવા તથા Choices Based Credit System (CBCS) અમલમાં લાવવા બાબતે ચર્ચા વિચારણાનાં અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૨ :</u> આથી ઠરાવવામાં આવે છે કે, આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૦-૧૧થી હાલે યુનિવર્સિટી સંલગ્ન સ્નાતક કક્ષાનાં અભ્યાસક્રમો માટે સેમેસ્ટર પધ્ધતિ અમલમાં લાવવી તથા અનુસ્નાતક અભ્યાસક્રમોમાં Choices Based Credit System (CBCS) અમલમાં લાવવાનો સૈધ્ધાંતિક સ્વિકાર કરવામાં આવે છે અને તે સંબંધે આગળની કાર્યવાહી હાથ ધરવા માનનીય કુલપતિશ્રીને સત્તા સોંપવામાં આવે છે.**

૩. T.Y.B.B.A.અભ્યાસક્રમમાં "Practical Study"અને "Information Technology" વિષય દાખલ કરવા બાબત :

B.B.A.અભ્યાસક્રમનાં ત્રીજા વર્ષ માટેના અભ્યાસક્રમમાં "Practical Study" અને "Information Technology" વિષયનો સમાવેશ થયેલ ન હોતા,સંબંધિત સંસ્થા દ્વારા આ બન્ને વિષયોને અભ્યાસક્રમમાં દાખલ કરવા માટે વિનંતી કરવામાં આવતા આ બાબતે થયેલ ચર્ચા વિચારણાનાં અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૩ :</u> આથી ઠરાવવામાં આવે છે કે, આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૦ - ૧૧થી B.B.A. અભ્યાસ ક્રમનાં ત્રીજા વર્ષ અન્વયે અમલીકરણમાં રહેલ અભ્યાસક્રમમાં " Practical Study" અને "Information Technology" વિષયનો અભ્યાસક્રમની જરૂરિયાતને ધ્યાને લેતાં સમાવેશ કરવો.**

## ૪. બે વર્ષની સમય મર્યાદા ધરાવતા M.L.W.અભ્યાસક્રમની પરીક્ષા દર વર્ષે લેવા બાબત :

Shri Krishna Verma Kachchh University BHUJ-Kachchh 370001

બે વર્ષની સમય મર્યાદા ધરાવતા **M.L.W.** અભ્યાસક્રમની પરીક્ષા [illegible], બે વર્ષમા એક વાર લેવામાં આવતી હોય આ બાબતે સંબંધિત સંસ્થા દ્વારા વર્ષ દીઠ પરીક્ષા યોજવા કરવામાં આવેલ વિનંતી અન્વયે થયેલ ચર્ચા વિચારણાનાં અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૪ :</u> આથી ઠરાવવામાં આવે છે કે, આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૦ – ૧૧થી અનુસ્નાતક અભ્યાસક્રમો અન્વયે Choices Based Credit System (CBCS) અમલીકરણ કરવાનો નિર્ણત થતાં M.L.W.અભ્યાસક્રમના માળખાને પણ સેમેસ્ટર પધ્ધતિમાં લાવવું તથા યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોમાં ચાલતા અન્ય અનુસ્નાતક અભ્યાસક્રમોના માળખા મુજબનું બનાવી Choices Based Credit System (CBCS) નો પણ ઉમેરો કરવો.**

**ઉપર્યુક્ત કાર્યવાહી હાથ ધરવા સંબંધિત B.O.S.માં નિર્ણય લઈ,યોગ્ય ભલામણના આધારે આગામી એકેડેમિક કાઉન્સિલની બેઠકમાં આ મુદ્દો, નવા માળખા સાથે મંજૂરી બાબતે ફરીથી રજૂ કરવો.**

**નવા માળખાનો અમલ થાય ત્યાં સુધી હાલ જે પધ્ધતિ ચાલી રહેલ છે તે ચાલુ રાખવી.**

## ૫. શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦ અન્વયેનાં માર્ચ–એપ્રિલ'૨૦૧૦માં યોજાનાર પરીક્ષાઓ અન્વયે પેનલને બહાલી આપવા બાબત :

વિવિધ અભ્યાસક્રમો સંબંધે ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦ અન્વયે યોજવામાં આવનારી જુદી જુદી પરીક્ષાઓ માટે જે તે વિદ્યાશાખાનાં ડીનશ્રીઓ તથા ચેરમેનશ્રીઓ દ્વારા વિષયવાર પેનલો તૈયાર કરવામાં આવેલ છે જેને માનનીય કુલપતિશ્રીએ મંજૂર રાખેલ હોતા નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૫ :</u> ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૦૯ –૧૦ અન્વયે યોજવામાં આવનાર જુદી જુદી પરીક્ષાઓ માટે તૈયાર કરવામાં આવેલ તથા માનનીય કુલપતિશ્રી દ્વારા મંજૂર કરાયેલ વિષય વાર પેનલોને સર્વાનુમતે બહાલ રાખવામાં આવે છે.**

## ૬. માનનીય કુલપતિશ્રીની મંજૂરી સાથે નીચે મુજબનાં મુદ્દાઓ અધ્યક્ષશ્રી સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

૧. સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાનાં અભ્યાસક્રમો અન્વયે પ્રાયોગિક કાર્યનાં દિવસો નકકી કરવા બાબત...

ડૉ.એમ.જી.ઠકકર,અધ્યક્ષશ્રી, અર્થ એન્ડ એન્વાયરમેન્ટલ ડિપાર્ટમેન્ટ દ્વારા એવી રજૂઆત કરવામાં આવેલ કે, તા.૧૭/૭/'૦૯નાં રોજ એકેડેમિક કાઉન્સિલની સભાનાં મુદ્દા નંબર ૦૨થી સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાએ,પ્રાયોગિક પરીક્ષાનાં દિવસો સુધારવા બાબતે થયેલ રજૂઆતને એકઝિકયૂટીવ કાઉન્સિલ દ્વારા નકારી કાઢવામાં આવેલ હતી પરિણામે,પ્રાયોગિક પરીક્ષાનાં દિવસો અનુંસંધાને અસંતોષ પ્રવર્તે છે જેથી તે બાબતે ફેર વિચારણા કરવામાં આવે.

BHUJ-Kachchh
અમદાવાદ
Krantiguru Shyamji Krishna Verma Kachchh University

૨. Board of University Teaching and Research (BUTR) ના ડીનશ્રીની નિમણૂક બાબત...

યુનિવર્સિટી ખાતે કાર્યરત BUTR અન્વયે બાકી રહેતા વિષયો અનુસંધાને ડીનશ્રીની નિમણૂક કરવા બાબતે શ્રી પી.સી.શાહ –વ્યાખ્યાતા,શ્રી જે.બી.ઠકકર કોમર્સ કોલેજ,ભુજ દ્વારા રજૂઆત કરવામાં આવી.

૩. 'Statistics' તથા 'Taxation' વિષયનાં પેપર સેટીંગના મહેનતાણાં બાબત..

શ્રી કે.એસ.વોરા –વ્યાખ્યાતા,શ્રી જે.બી.ઠકકર કોમર્સ કોલેજ,ભુજ દ્વારા એવી રજૂઆત કરવામાં આવી કે, યુનિવર્સિટી દ્વારા 'Accountancy' વિષયનાં પેપર સેટીંગનું મહેનતાણું રૂા.૨૦૦/–(પેપર દીઠ)નાં બદલે રૂા.૩૫૦/– (પેપર દીઠ) નકકી થયેલ છે તે જ, રીતે 'Statistics' તથા 'Taxation' માટે પણ રૂા.૨૦૦/–(પેપર દીઠ)નાં દર ને બદલે રૂા.૩૫૦/–(પેપર દીઠ)નાં દરે મહેનતાણું ચૂકવવામાં આવે.

૪. યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતા અનુસ્નાતક કેન્દ્રો ખાતે યોજાતા વ્યાખ્યાનો માટેનાં મહેનતાણાંના દરો વધારવા બાબત...

ડૉ.એસ.જી.ધર્માણી,આચાર્યશ્રી,તોલાણી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, આદિપુર દ્વારા એવી રજૂઆત કરવામાં આવી કે, યુનિવર્સિટી સંલગ્ન કોલેજો ખાતે ચાલતા અનુસ્નાતક કેન્દ્રો ખાતે લેવામાં આવતા વ્યાખ્યાનો માટે હાલે, રૂા. ૭૦/– નાં દરે મહેનતાણું ચૂકવવાપાત્ર છે જયારે યુનિવર્સિટી અનુસ્નાતક ભવનો ખાતે લેવાતા વ્યાખ્યાનો માટે, મુલાકાતી વ્યાખ્યાતાઓને રૂા.૧૦૦/– મહેનતાણું તથા રૂા.૫૦/– કન્વેયન્સ એલાઉન્સ મળી કુલ રકમ રૂા. ૧૫૦/– વ્યાખ્યાન દીઠ ચૂકવવામાં આવે છે.માટે તે મુજબનાં દરે અનુસ્નાતક કેન્દ્રો ખાતે યોજવામાં આવતા વ્યાખ્યાનો માટે પણ, રૂા. ૧૫૦/– વ્યાખ્યાન દીઠ ચૂકવણુ કરવામાં આવે.

૫. વેકેશનનાં દિવસો અન્ય યુનિવર્સિટીઓ મુજબ કરવાબાબત...

શ્રી પી.ડી.ઉદેશી–વ્યાખ્યાતા,તોલાણી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, આદિપુર દ્વારા એવી રજૂઆત કરવામાં આવી કે, આપણી યુનિવર્સિટીમાં વેકેશન મોડું પડે છે તથા અન્ય યુનિવર્સિટીઓમાં વેકેશનનો ગાળો પણ વધારે હોય છે માટે આપણે પણ વેકેશનનો ગાળો લંબાવવો જે અન્વયે રજીસ્ટ્રારશ્રીએ યુ.જી.સી.નાં નિયમ મુજબ વેકેશન આપવામાં આવે છે તેમ જણાવેલ હતું.

ઉપર્યુકત મુદ્દાઓની અધ્યક્ષશ્રી સમક્ષની રજૂઆતના અનુસંધાને માનનીય કુલપતિશ્રીએ યોગ્ય વિચારણા કરવામાં આવશે તેમ જણાવેલ.

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીનો આભાર માની સભા પૂર્ણ જાહેર કરવામાં આવી...

**(અનિલ ગોર)**
**કુલસચિવ**
**કે.એસ.કે.વી.**
**કચ્છ યુનિવર્સિટી**
**ભુજ - કચ્છ.**